# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે.**
2. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે અમદાવાદમાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરશે.**
3. **વાઇબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ અંતર્ગત કૃષિમંત્રી જીતુ વાઘાણીના અધ્યક્ષસ્થાને અમરેલી ખાતે ફ્લેગશીપ ઇવેન્ટ-ડિસ્ટ્રીક્ટ લેવલ પ્રોગ્રામ સંપન્ન.**
4. **કચ્છના વોંધ ગામ પાસે મીની બસ અને ટ્રેલર વચ્ચે અકસ્માતમાં આગ લાગતા 14 લોકોને બચાવાયા**
5. **કાંકરિયા કાર્નિવલમાં ભારે ભીડને પગલે તમામ સાત ગેટ અસ્થાયી રીતે બંધ કરાયા**
6. **આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યમાં ઠંડીનો ચમકારો વધે તેવી આગાહી.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 129મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક , આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

---

# AMIT SHAH GUJ VISIT

કેન્દ્રીય ગૃહ મંત્રી આજે અમદાવાદામં ઈન્ડિયન મેડિકલ એસોશિએશન દ્વારા આયોજિત **IMA** નેટકોન **2025**માં ભાગ લેશે. બાદમાં **AMC** દ્વારા નિર્મિત ડ્રેનેજ પાઇપલાઇન અને એસ.જી. હાઈવેના પ્રથમ તબક્કાના પાઇલટ પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે.

આ ઉપરાંત અન્ય કાર્યક્રમોમાં પણ હાજરી આપશે.

સાંભળીએ એક અહેવાલ

## (વોઇસ કાસ્ટ - કરણ પરમાર)

---

# SURAT POLICE AWAS LOKARPAN

સુરત શહેરના અઠવાલાઈન્સ ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પોલીસ આવાસોનું ભૂમિપુજન કર્યું.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે , સરકાર દ્વારા પોલીસ પરિવારો માટે સુવિધાપૂર્ણ આવાસો તૈયાર કરવામાં આવી રહ્યાં છે.

## બાઇટ- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી

---

# AMRELI VIBRANT GUJARAT

અમરેલી જિલ્લા ફ્લેગશીપ ઈવેન્ટ-ડિસ્ટ્રિક્ટ લેવલ કાર્યક્રમ રાજ્ય સરકારના કૃષિમંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી જીતુ વાઘાણીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લામાં ઉદ્યોગ, રોકાણ અને રોજગાર સર્જનને પ્રોત્સાહન આપવા માટે એગ્રો અને ફૂડ, કેમિકલ, એન્જીનિયરીંગ, ટેક્સટાઇલ, પ્લાસ્ટિક અને પાવર સેક્ટર સહિતના કુલ 908 કરોડથી વધુની રકમના 31 **MOU** કરવામાં આવ્યા હતા. જેના કારણે જિલ્લામાં રોજગારીના એક હજાર 400થી વધુ નવા અવસરોનું સર્જન થશે.

---

# GANDHIDHAM BUS STAND KHATMUHRAT

ગાંધીધામ ખાતે રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે નવનિર્મિત થનાર એસ.ટી. બસ સ્ટેશનનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું. આ સાથે જ રાજ્યમંત્રીએ

આ સમારોહમાં માતાના મઢ મુકામે વિશાળ જમીન પર નિર્માણ થનારા અત્યાધુનિક બસ સ્ટેશનનું ઈ- ખાતમૂહુર્ત કર્યું હતું.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વર્ચ્યુઅલી રીતે આ કાર્યક્રમમાં જોડાયા હતા. શ્રી સંઘવીએ વિકાસના વધુ એક આયામ માટે મહાનગરના નગરજનોને શુભેચ્છા પાઠવી હતી. આ સાથે જ બસ પોર્ટ બનાવવાનું કામ ત્વરિત પૂર્ણ કરીને તેને કાર્યરત કરવાની ખાતરી મંત્રીશ્રીએ આપી હતી.

---

## SIR ARVALLI

અરવલ્લી જિલ્લામાં **SIR** અંતર્ગત ખાસ કૅમ્પનું આયોજન કરાયું હતું. જેમાં મતદારો મતદાર યાદીમાં પોતાના નામની ચકાસણી કરી શકશે, ત્યારે આ કૅમ્પનો મતદારો વધુમાં વધુ લાભ લે તે માટે **BLO** મિલીન પટેલે અપીલ કરી હતી.

## (બાઈટ - મિલીન પટેલ, BLO)

---

## KUTCH ACCIDENT

કચ્છના ભચાઉ તાલુકાના વોંધ ગામ પાસે ગત રાત્રીએ અકસ્માતની ઘટના સર્જાઈ હતી. મીની બસ અને ટ્રેલર વચ્ચે અકસ્માત થતાં બસમાં આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી.

જો કે કોઈ જાનહાની નથી થઈ અને બસમાં સવાર **14** લોકોને બચાવી લેવાયા હતા. ભચાઉ ફાયર ટીમેં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવવાની કામગીરી હાથ ધરી હતી.

---

## PANCHMAHALS MP KHEL MAHOTSV

પંચમહાલના વિઝોલમાં ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા આયોજિત આંતર કોલેજ ફૂટબોલ ભાઈઓની સ્પર્ધામાં 11 કોલેજોના ખેલાડીઓએ ભાગ લીધો હતો. ભાઈઓની ફૂટબોલ સ્પર્ધામાં બોડેલીની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજની ટીમે શાનદાર પ્રદર્શન કરી જીત મેળવી હતી. કાલોલની એમ.એમ. ગાંધી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજની વોલીબોલ બહેનોની ટીમે પણ જીત મેળવી છે.

સાંસદ રાજપાલ સિંહ જાદવના હસ્તે વિજેતા ટીમને ૧૨ હજારનો ચેક અર્પણ કરવામાં આવ્યો. તેમજ ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણના હસ્તે વિજેતાઓને શિલ્ડ અર્પણ કરી તમામ ખેલાડીઓને મેડલ પહેરાવી ગોધરા ખાતે સન્માનિત કરવામાં આવ્યા હતા.

---

## KANKARIA CARNIVAL

અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલ દરમિયાન ગઇકાલે ભારે ભીડને પગલે ક્રાઉડ મેનેજમેન્ટના ભાગરૂપે કાંકરિયા કાર્નિવલના તમામ સાત ગેટ અસ્થાયી રીતે બંધ કરાયા હતા.

કાર્નિવલના ત્રીજા દિવસે જાહેરમાં ભારે ઘસારો અને ભીડનો દબાણ વધતા , નાગરિકોની સલામતી અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર કાંકરિયા તળાવ ખાતે યોજાતા કાંકરિયા કાર્નિવલના તમામ સાતેય પ્રવેશદ્વારો (ગેટ) એન્ટ્રી માટે અસ્થાયી રીતે બંધ કરવાની ફરજ પડી હતી.

ભીડનું યોગ્ય સંચાલન , ઇમરજન્સી સેવાઓને અવરોધ ન થાય તેમજ કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે તંત્ર દ્વારા આ પગલું લેવામાં આવ્યું હોવાનું જણાવાયું છે.

---

## WEATHER

રાજ્યમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. ત્યારે હવામાન વિભાગે આગામી પાંચ દિવસ બાદ ઠંડીમાં વધારો થવાની શક્યતા દર્શાવી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું કે , ઉત્તર પૂર્વના પવનો ફૂંકાવાથી ઠંડીમાં વધારો થશે.

**બાઈટ - રામાશ્રય યાદવ, વૈજ્ઞાનિક, હવામાન વિભાગ**

---

## VG BK

કેન્દ્ર સરકાર દ્વારા મનરેગા યોજના હેઠળ નવીન સુધારા બિલ લાવવામાં આવ્યું છે, આ બિલમાં અનેક સુધારા કરવામાં આવ્યા છે, આ યોજનાનું નામ હવે ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ જીવિકા મિશન ગ્રામીણ એટલે કે વીબી જી રામ

**જી નામ અપાયું છે. ત્યારે વાવ થરાદ જિલ્લાના સામાજિક કાર્યકર દિનેશ પટેલે પણ આ યોજનાને આવકારી હતી.**

## બાઈટ - દિનેશ પટેલ, સામાજિક કાર્યકર, દિયોદર

---

## WOMEN'S CRICKET - IND VS SA

ભારત અને શ્રીલંકા વચ્ચે આજે મહિલા ક્રિકેટમાં ચોથી **T20** આંતરરાષ્ટ્રીય મેચ રમાશે. આ મેચ આજે સાંજે સાત વાગ્યે કેરળના તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે શરૂ થશે. હરમનપ્રીત કૌરની કેપ્ટનશીપ હેઠળ ભારત પાંચ મેચની શ્રેણી **3-0**થી જીતી ચૂક્યું છે.  શ્રેણીની પાંચમી મેચ મંગળવારે આ જ મેદાન પર રમાશે.

---

## SMRUTI AWARD

**ભારત રત્ન અને પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીજીની જન્મજયંતી નિમિત્તે મેઘાણીનગર સ્થિત ઓ.એન.જી.સી. સ્કૂલ ખાતે મ્યુનિસિપલ શાળાઓના વિદ્યાર્થીઓ માટે આયોજિત ક્વિઝ અને ચિત્ર સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને રાજ્યમંત્રી દર્શના વાઘેલાના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.**

**આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ નરહરિ અમીન પણ ઉપસ્થિત રહ્યા હતા.વાજપેયીજીનું જીવન , તેમની રાષ્ટ્રવાદી વિચારધારા અને દેશના ઉત્થાનમાં તેમના અમૂલ્ય યોગદાનથી નવી પેઢી પરિચિત થાય તે હેતુથી  ‘અટલ સ્મૃતિ વર્ષ’ અંતર્ગત વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.**

---

# GIR SOMNATH SAFSAFAI

ગીર સોમનાથના સૂત્રાપાડા નગરપાલિકા દ્વારા સઘન સફાઇ ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

જેના ભાગરૂપે ચીફ ઓફિસર અને ઉપ પ્રમુખ દ્વારા નગરપાલિકાના જુદા જુદા વિસ્તારોમાં સફાઇ કામગીરીનું નિરિક્ષણ કરવામાં આવ્યું છે. તેમજ જાહેરમાં ગંદકી ફેલાવનાર અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરનાર ઇસમો વિરુદ્ધ દંડનીય કાર્યવાહી હાથ ધરી 8 હજાર 200નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત નગરપાલિકા દ્વારા  સોર્સ સેગ્રીગેશન અર્થે શાળાઓમાં બાળકો તથા વિવિધ વિસ્તારોમાં નાગરિકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે.

---